


# ભાજપાના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો આજથી પ્રારંભ


## અરૂણ જેટલીજી જામનગર, રાજનાથસિંહજી ભાવનગર, વૈંકેયા નાયડુજી ભરૂચમાં સભાઓ સંબોધશે

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ નવેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીના પ્રચારનો પ્રારંભ ભાજપા દ્વારા તા. ૨૫ નવેમ્બરના રોજ પ્રથમ તબક્કાનું મતદાન યોજાનાર છે તેવા સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ૫૫ થી વધુ સ્થાનો પર એક સાથે જાહેરસભાઓ યોજીને કરવામાં આવશે અને ગુજરાતમાં સાર્વત્રિક કમળ લહેર ઉભી કરાશે.

ભાજપના પ્રદેશ પ્રવક્તાઓ શ્રી આઈ.કે. જાડેજા અને શ્રી મનસુખ માંડવીયાએ ભાજપાના ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર સભાઓની વિગતો આપતા જણાવ્યું છે કે ભાજપાના રાષ્ટ્રીય નેતા અને રાજ્યસભાના વિપક્ષના નેતા શ્રી અરૂણ જેટલીજી ૨૫ નવેમ્બરના રોજ જામનગર શહેરની બે વિધાનસભા બેઠકો પર સાંજે ૬.૦૦ અને ૭.૦૦ કલાકે સભાઓને સંબોધશે. ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી તેમજ ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રાજનાથસિંહજી ભાવનગર ખાતે જુદા જુદા સ્થાનો પર જાહેરસભાઓને સંબોધશે. ભાવનગર ગ્રામ્યમાં ૨.૩૦ કલાકે, ભાવનગર પૂર્વ ૫.૦૦ કલાકે અને ભાવનગર પશ્ચિમમાં સાંજે ૬.૦૦ કલાકે સભાઓ સંબોધશે.

ભાજપાના રાષ્ટ્રીય નેતા તેમજ પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી વૈંકેયા નાયડુજી જંબુસર, ૨.૩૦ કલાકે, અંકલેશ્વર ૫.૦૦ કલાકે અને ભરૂચમાં ૭.૦૦ કલાકે એમ ત્રણ સ્થાનો પર સભાઓને સંબોધશે.



મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ સુરત, ઝારખંડના મુખ્યમંત્રી અર્જુન મુંડા નવસારીમાં સભા સંબોધશે : ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ પરશોત્તમ રૂપાલા સુરત શહેરમાં ત્રણ સભાઓ સંબોધશે

ભાજપાના પ્રવક્તાઓએ પ્રચાર અભિયાનની વિગતોમાં વધુમાં જણાવ્યું છે કે ૨૫ નવેમ્બરના રોજ ભાજપા શાસિત મધ્યપ્રદેશના યુવા મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ સુરત જિલ્લાના ઓલપાડ ખાતે ૪.૦૦ કલાકે, કારંજ ખાતે ૫.૩૦ કલાકે અને મજુરા ખાતે ૭.૦૦ કલાકે સભાને સંબોધશે. ઝારખંડના મુખ્યમંત્રી શ્રી અર્જુન મુંડા નવસારી જિલ્લાના ગણદેવી ખાતે ૪.૩૦ કલાકે સભા સંબોધશે. ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ ચૂંટણી પ્રચાર સમિતિના ગુજરાતના અધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા સુરત શહેરમાં ત્રણ સભાઓ સંબોધશે. સુરત પૂર્વમાં ૫.૦૦ કલાકે, સુરત ઉત્તરમાં ૬.૦૦ કલાકે અને વરાછા રોડ ૭.૩૦ કલાકે સભા સંબોધશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે તા. ૨૫ નવેમ્બરના રોજ ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજકોટ જિલ્લામાં, ભાજપાના મહિલા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સ્મૃતિ ઈરાની ભાવનગર જિલ્લામાં, શ્રી હુકમદેવ નારાયણ સુરત જિલ્લામાં, શ્રી શ્યામ જાજુ વલસાડ, શ્રી બલવીરજી પુંજ સુરેન્દ્રનગર, શ્રી હરિન પાઠક જુનાગઢ, શ્રી ફગનસિંહ કુલસ્તે વલસાડ, શ્રી માધવ ભંડારી ડાંગ, શ્રી ઓમપ્રકાશ ધનકડ સુરત, શ્રી જુઆલ ઓરમ તાપી અને સુરત, શ્રી ઓમ માથુર જામનગર, શ્રી વિજય ગોયલ અમદાવાદ જિલ્લામાં જાહેરસભાઓને સંબોધશે. ગુજરાતમાં તા. ૨૫, ૨૬ બે દિવસમાં પ્રથમ તબક્કાની તમામ ૮૭ બેઠકો પર ચૂંટણીસભાઓ યોજી ભાજપા ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. ભાજપાના રાષ્ટ્રીય નેતાઓ સાથે પ્રદેશના આગેવાનો પણ પ્રચારકાર્યમાં અને સભાઓમાં જોડાશે.

# વિસનગર બેઠક પર કોંગ્રેસ અને એન.સી.પી. વચ્ચે સમજૂતી...પણ...

## એન.સી.પી.ને ટિકિટ મળતા વિસનગર કોંગ્રેસમાં હોબાળો

ગાંધીનગર, તા. ૨૪

મહેસાણા જિલ્લામાં વિધાનસભાની સાત બેઠકો પૈકી વિસનગરની બેઠક પર કોંગ્રેસ અને એન.સી.પી. વચ્ચે થયેલ સમજુતી મુજબ એન.સી.પી.ને ટીકીટ આપવામાં આવતા વિસનગર કોંગ્રેસમાં ભડકો થતાં કોંગ્રેસના કાર્યકરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. અત્રે એન.સી.પી.ના ઉમેદવાર તરીકે નવિન પટેલનું નામ જાહેર થતાં વિસનગર શહેર અને તાલુકા કોંગ્રેસના કેટલાક હોદ્દેદારો કાર્યકરોએ એકત્ર થઈને સ્થાનિક કોંગ્રેસ કાર્યાલયમાં વિરોધ વ્યક્ત કર્યો હતો. મહેસાણા જિલ્લામાં એન.સી.પી.ના સંગઠન જેવું ખાસ કંઈ નથી. ત્યારે વિસનગર વિધાનસભાની બેઠક પર કોંગ્રેસ અને એન.સી.પી. વચ્ચેની સમજુતીને પગલે એન.સી.પી.ના ઉમેદવાર જાહેર કરાતા સ્થાનિક કાર્યકરોમાં રોષ ફેલાયો છે. આ બાબતે કોંગ્રેસના હોદ્દેદારો મોવડીમંડળ સમક્ષ ધારદાર રજુઆત કરશે. આ મામલે યોગ્ય નહી થાય તો સ્થાનિક કોંગ્રેસમાં સામુહિક રાજીનામાં પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. જિલ્લામાં કોંગ્રેસ તરફથી મહેસાણા અને કડીની સીટ પર ઉમેદવારોના નામો જાહેર કરાયા છે.

દરમિયાન મહેસાણા જિલ્લામાં ભાજપ કોંગ્રેસ અને જી.પી.પી.ના ઉમેદવારોના નામો હજી જાહેર ન થતા ઉમેદવારોને લઈને લોકોમાં ભારે ઉત્તેજના વ્યાપી છે. જિલ્લામાં જી.પી.પી.ના બેચરાજી બેઠક પર અગાઉ ઉમેદવારના નામની જાહેરાત કરી દેવામાં આવી છે. પરંતુ જિલ્લાની સાત સીટો પૈકી છ સીટો પર ઉમેદવારોના નામો જાહેર થયા નથી. મતદારોમાં ચર્ચાતી વાતો મુજબ ભાજપના સાતેય બેઠકોના ઉમેદવાર જાહેર થયા નથી. ત્યારે જિલ્લામાં ભાજપ ઉપરાંત કોંગ્રેસના બાકી બેઠકોના ઉમેદવારોના નામો જાહેર થશે ત્યારે કેટલીક બેઠકો પર ભડકો થવાની સંભાવના છે.

# કોંગ્રેસમાં મેન્ડેટની માથાકૂટ

## વિસાવદરના ઉમેદવારનો મેન્ડેટ યુવાને ખેંચી ફાડી નાંખ્યો : કોડીનારમાં છેલ્લી ઘડીએ બીજા ઉમેદવારને મેન્ડેટ અપાયો

ગાંધીનગર, તા. ૨૪

કોંગ્રેસમાં ટીકીટના મામલે કકળાટ બાદ હવે મેન્ડેટને લઈને બબાલ થતાં ચૂંટણી પહેલાં જ કેટલીક બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો કફોડી સ્થિતિમાં મુકાઈ ગયા છે.

કોંગ્રેસ દ્વારા બાવન ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરતાં જ ઠેરઠેરથી વિરોધ ઉઠવા પામ્યો હતો અને પક્ષમાં બળવાની સ્થિતિ દેખાતા કોંગ્રેસ નેતાગીરીએ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરવાને બદલે સીધાજ ફોન દ્વારા જાણ કરીને બારોબાર મેન્ડેટ આપવામાં આવ્યા હતા.

**ગણદેવી બેઠક પર બે ઉમેદવારોએ મેન્ડેટ હોવાનું જણાવી ઉમેદવારીપત્રો ભર્યા : જૂનાગઢમાં અસંતુષ્ટ ગીરીશ કોટેચાનો બળવો : કોંગ્રેસમાંથી રાજીનામુ અપક્ષ ઉમેદવારી નોંધાવી**

નવસારી જિલ્લાની ગણદેવી બેઠક પર કોંગ્રેસના બે ઉમેદવારો કુંવરજીભાઈ હળપતી અને ભારતીબેન પટેલે મેન્ડેટ હોવાનું જણાવીને બન્નેએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. તો બીજી બાજુ જુનાગઢ જિલ્લાની વીસાવદર બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર હર્ષદભાઈ રીબડીયાએ ઉમેદવારી પત્ર ભર્યું હતું. જો કે તેમને મેન્ડેટ આપવામાં આવ્યું ન હતું. આજે કોંગ્રેસના ઉમેદવાર રતીભાઈ માંગરોળીયાનો મેન્ટેડ એસ.ડી.એમ. કચેરીમાં જ કોઈ અજાણ્યા યુવાને મેન્ડેટ ખેંચી લઈને ફાડી નાંખ્યો હતો. જિલ્લા પ્રમુખ લીલાભાઈ ખુંટીના હાથમાંથી આ યુવાન મેન્ડેટ ખેંચીને ફાડી નાંખ્યો હતો.

આ ઉપરાંત જુનાગઢમાં ભીખાભાઈ જોષીને ટીકીટ આપવામાં આવતાં નારાજ આગેવાન ગીરીશ કોટેચાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને અપક્ષ ઉમેદવારી નોંધાવતા કોંગ્રેસ નેતાગીરી ચોંકી ઉઠી હતી.

આજ રીતે કોડીનાર બેઠક પર કોંગ્રેસે બેનાબહેનને મેન્ડેટ આપ્યો હતો ત્યાર બાદ આજે છેલ્લી ઘડીએ બીજા ઉમેદવારને પણ મેન્ડેટ આપવામાં આવતાં કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર કોણ એ અંગે વિવાદ સર્જાવા પામ્યો છે.

આ ઉપરાંત સુરતની લિંબાયત બેઠક એન.સી.પી.ને કોંગ્રેસે ફાળવી હતી. જેના કારણે કોંગ્રેસના સ્થાનિક કાર્યકરોમાં ભારે રોષ ઉઠવા પામ્યો હતો. કોંગ્રેસે એન.સી.પી.ને આ બેઠક ફાળવી દીધી હોવા છતાં પણ આજે આ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર સુરેશ સોનવણેએ ઉમેદવારી નોંધાવતાં ભારે વિવાદ સર્જાવા પામ્યો છે.

પ્રથમ તબક્કાની ચૂંટણી માટે કોંગ્રેસે બાવન ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરતાં જ કોંગ્રેસમાં ટીકીટ ફાળવણીને લઈને કકળાટ શરૂ થયો હતો. અને હવે મેન્ડેટને લઈને વિવાદો સર્જાયા છે. કોંગ્રેસે ચૂંટણી પંચ સમક્ષ ઝેરોક્ષવાળો મેન્ડેટ માન્ય રાખવા રજુઆત કરી હતી.

## સાવરકુંડલા બેઠક પર ભાજપના કાળુભાઈ વિરાણીનો બળવો

ભાજપે ટીકીટ ન આપતા કાળુભાઈ વિરાણીએ સાવરકુંડલા બેઠક પરથી અપક્ષ ઉમેદવારીપત્ર ભર્યું છે.

પ્રથમ તબક્કાની ૮૭ બેઠકો માટે ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. જેમાં ૪૧ જેટલા ધારાસભ્યોને રીપીટ કરવામાં આવ્યા હતા. પરંતુ સાવરકુંડલાના ધારાસભ્ય કાળુભાઈ વિરાણીને ટીકીટ આપવામાં ન આવતાં કાળુભાઈ વિરાણી નારાજ થયા હતા. આખરે કાળુભાઈ વિરાણીએ ભાજપના સત્તાવાર ઉમેદવાર સામે બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવતાં ભાજપ નેતાગીરી પણ ચોંકી ઉઠી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય અગાઉ જ કાળુભાઈ વિરાણી સામે તેમની દીકરીએ જ ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા હતા. જેના પગલે ભાજપની છબી ખરડાતા ભાજપે આ વખતે કાળુભાઈ વિરાણીને પડતા મુક્યા હોવાનું મનાઈ રહ્યું છે.

## બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ભાજપ કોંગ્રેસે ઉમેદવાર પસંદગી પ્રક્રિયા આરંભી

### ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની ફરી મેરેથોન બેઠકનો દોર : ભાજપ ૯૫ બેઠકો માટે ૨૮મીએ ઉમેદવારોની યાદી જાહેર કરશે

ગાંધીનગર, તા. ૨૪

બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે બાજપ કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને આગામી ૨૭મી અથવા ૨૮મીએ પક્ષો દ્વારા ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો માટેની ચૂંટણી બે તબક્કામાં યોજાનાર છે. જેમાં પ્રથમ તબક્કા માટેની ૮૭ બેઠકો માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ થઈ ગયું હતું અને એના માટે આજે ૨૪મી નવેમ્બર-૧૨ના રોજ ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ જવા પામી છે.

બીજા તબક્કાની ૯૫ બેઠકો માટેનું જાહેરનામુ ગઈકાલે પ્રસિદ્ધ થતાં ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થવા પામી છે. જો કે મુખ્ય બે રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા ૯૫ બેઠકો માટેના ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા નથી.

કોંગ્રેસ દ્વારા ૩૦ બેઠકો માટેના ઉમેદવારોની યાદી જાહેર કરી દેવામાં આવી છે. જો કે હજુ ૬૫ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવી હોઈ આગામી ૨૭મી અથવા ૨૮મી નવેમ્બરના રોજ ઉમેદવારોની ત્રીજી યાદી કોંગ્રેસ દ્વારા જારી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

જ્યારે ભાજપ દ્વારા બાકી ૯૫ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ૯૫ બેઠકો માટે સંભવીત ઉમેદવારોની યાદી એક બે દિવસમાં તૈયાર કરીને પ્રદેશ નેતાઓ આગામી ૨૬મી અથવા ૨૭મીના રોજ દિલ્હી જઈને મોવડીમંડળને સુપરત કરશે અને મોવડીમંડળ આખરી ઉમેદવારોની પસંદગી ઉપર મંજુરીની મહોર મારીને ૨૮મીના રોજ ભાજપ દિલ્હીથી જ ઉમેદવારોની યાદી જાહેર કરે તેવી સક્યતાઓ સેવાઈ રહી છે.

ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા પણ આજથી બીજા તબક્કાની ૯૫ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આજ સવારથી જ પરિવર્તન પાર્ટીના નેતાઓની મેરેથોન બેઠકનો દોર ચાલી રહ્યો છે. અને ઉમેદવારોની પસંદગી કરવામાં આવી રહી છે. કેટલીક બેઠકો પરના ઉમેદવારોની પસંદગી કરીને ઉમેદવારોને ફોન દ્વારા જ તેની પક્ષ દ્વારા જાણ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## ગુજરાત પરિવર્તન પાર્ટીએ વધુ ૨૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા

ગુજરાત પરિવર્તન પાર્ટીએ પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ઉણેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે વધુ ૨૩ ઉમેદવારોની યાદી જાહેર કરી જે આ પ્રમાણે છે.

| | |
|---|---|
| રાજકોટ દક્ષિણ | રશ્મીભાઈ કાચા |
| જેતપુર | રમેશભાઈ બાલધા |
| જામજોધપુર | પ્રવીણભાઈ તાળા |
| દ્વારકા | જયંતીભાઈ વશરામભાઈ સોનગરા |
| કેશોદ | મેરામણભાઈ અરશીભાઈ ચુડાસમા |
| માંગરોળ | હસમુખભાઈ ગોવિંદભાઈ સગર |
| સોમનાથ | બાલુભાઈ વાજા |
| રાજુલા | રવજીભાઈ પરમાર |
| તળાજા | હેમરાજભાઈ બારૈયા |
| ગારિયાધાર | લાભુભાઈ કાત્રોડિયા |
| પાલીતાણા | રસિકભાઈ ભીંગરાડિયા |
| ભાવનગર ગ્રામ્ય | કેશુભાઈ ભગત |
| ભાવનગર પૂર્વ | ગીરધરભાઈ મકવાણા |
| ગઢડા (અ.જા.) | ધનજીભાઈ પરમાર |
| બોટાદ | વિનુભાઈ દલવાડી |
| ઝઘડીયા (અ.જ.જા.) | વસાવા રાકેશકુમાર ચંદુભાઈ |
| ભરૂચ | ગીજુભાઈ ચૌહાણ |
| સુરત ઉત્તર | હેમંતભાઈ ગામવાલા |
| ઉધના | જયસુખભાઈ કથીરિયા |
| સુરત પશ્ચિમ | જયેશભાઈ પટેલ |
| જલાલપોર | ચંદ્રકાંત રાણા |
| નવસારી | ઠાકોરભાઈ દેસાઈ |

## મોઢવાડિયા સહિત કોંગ્રેસ ઉમેદવારોએ ભરેલા ફોર્મ

અમદાવાદ, તા. ૨૪

આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રથમ તબક્કા માટે આજરોજ ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયા સહિત તમામ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી.

પોરબંદર સહિત ચૂંટણી અધિકારી સમક્ષ પોરબંદર વિધાનસભા માટે ઉમેદવારીપત્ર રજૂ કર્યા બાદ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો, આગેવાનો અને વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, પૂ. મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદરના મતદાતાઓ હંમેશા મને સેવા કરવાની તક આપી છે. પોરબંદરના નાગરિકોએ મને અપાર સ્નેહ આપીને બે વાર વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટીને મોકલ્યા છે. રાજ્યમાં ચાલી રહેલી પરિસ્થિતિથી સામાન્ય નાગરિક હેરાન પરેશાન છે. મને કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીએ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ તરીકે મોટી જવાબદારી આપી તેમાં આપ સૌનો સાથ અને સહયોગનો સિંહફાળો છે. પ્રજાની અપેક્ષા અને આકાંક્ષા વચ્ચે ફરી એક વખત પોરબંદરથી આપના સાથ, સહકાર અને અપાર સ્નેહથી ઉમેદવારી નોંધાવી રહ્યો છું. મને પોરબંદરના નાગરિકો પર વિશ્વાસ છે કે, તેઓ તેમના પ્રતિનિધિને ફરીથી ચૂંટીને વિધાનસભામાં પ્રતિનિધિત્વની તક આપશે.આજરોજ પોરબંદર ખાતે અર્જુન મોઢવાડિયાની ઉમેદવારી પત્રક ભરતી વખતે મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ વ્યાપક ઉમળકા સાથે તેમની ઉમેદવારી વધાવી હતી. આજરોજ સમગ્ર રાજ્યમાં પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્રક ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસ પક્ષના વિવિધ વિધાનસભા ક્ષેત્રમાં ટેકેદારો-નાગરિકો સાથે ઉમળકાભેર ઉમેદવારી નોંધાવી હતી.



ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને આજે રાજકીય પક્ષોના -તિનિધિઓ સાથે ચૂંટણી લક્ષી બેઠક જિલ્લા સેવા સદન, ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપે ચૂંટણી -ક્રિયા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં આર્દશ આચારસંહિતાના અમલ, સભા કે રેલી યોજવા, ચૂંટણી ખર્ચ અંગે, ઉમેદવારી પત્ર ભરવા કેટલા માણસો અને વાહનો લાવી શકાય તે અંગેની સમજ આપી હતી. વધુમાં તેઓશ્રીએ કહ્યું હતું કે, ચૂંટણીલક્ષી કામગીરી માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરી શકાશે નહિં. ચૂંટણી અન્વયે ઉમેદવારો વધુમાં વધુ રૂપિયા ૧૬ લાખનો ખર્ચ કરી શકશે. તેમજ ઉમેદવારી પત્ર ભરતા પહેલા બેન્કમાં નવું ખાતું ખોલાવવું જરૂરી છે. તે ઉપરાંત સભા, રેલી કે સરઘસ વગેરે જેવા કાર્યક્રમો માટે ચૂંટણી અધિકારીની મંજૂરી લેવાની રહેશે વગેરે ચૂંટણી લક્ષી મહત્વની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં ચીફ કો-ઓર્ડિનેટર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.ભટ્ટ, જિલ્લા પોલીસ વડા શ્રી શરદ સિંઘલ, એકસપેન્ડિચર મોનીટરીંગ સેલના ચીફ નોડલ ઓફિસર શ્રી ર્ડા.એમ.ડી.મોડિયા, નાયબ જિલ્લાચૂંટણી અધિકારી શ્રી આઈ.આર.મનસુરી, ભાજપ, કોગ્રેસ, એન.સી.પી.., બહુજન સમાજવાદ પાર્ટી, ગુજરાત પરિવર્તન પાર્ટીના રાજકીય -તિનિધિઓ ઉપસ્થિત રહયાં હતાં.